રેગ્યુ. દાવા નંબરઃ ૫૧/૨૦૧૭ ના કામે આંક–૫ તળે હુકમ

૧) દાવા અરજી તથા હાલની વચગાળાના મનાઈ હુકમની અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. વાદી તરફે વિ.વ.શ્રી.પી.કે.મહેતા તથા પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી.કે.કે.રામાનુજની દલીલ સાંભળી.રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા રજુ થયેલ ના.ઉચ્ચ અદાલતની ઓથોરીટીઓ વંચાણે લીધી.

૨) વાદીની માલીકી કબજા ભોગવટાની દુધરેજ સીમના સર્વે નંબર. ૭૧૦/૨ પૈકી ૧ એકર ૦.૧૩ ગુંઠા જેના ચો.મી.૧૩૧૫ આવેલ છે તે દાવા અરજીમાં જણાવેલ ચર્તુદિશાવાળી આવેલ છે. આ કામના પ્રતિવાદીએ હાલનો દાવો કર્યાના ૫ થી ૬ દીવસ પહેલા ગેરકાયદેસર વાદીની ખેતરમાં ખુંટા મારેલ છે તે દુર કરવા પ્રતિવાદીને જણાવતા એક બે દીવસમાં દુર કરી નાખશે તેમ જણાવેલ પરંતુ દુર કરેલ નહીં પ્રતિવાદીના પતિ જમીન લે વેચનો ધંધો કરે છે અને ને વાદીની જમીન પચાવી પાડવી છે. જેથી તે દુર કરાવવા અને પ્રતિવાદી કે તેમના માણસો મારફત દાવાવાળા ખેતરમાં પ્રવેશ કરે કરાવે નહીં કે ખુંટાવાળી જગ્યા કોઈને વેચાણ કરવાની તૈયારીમાં છે તેથી કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો કરી તેની સાથે સી.પી.સી.ઓર્ડર ૩૯–રુલ–૧–૨ તથા કલમ ૧૫૧ મુજબ આ કામ ચલાઉ મનાઈ હુકમની અરજી રજુ કરેલ છે.

૩) પ્રતિવાદીને વાદીના દાવાનો સમંસ બજતા પ્રતિવાદી તરફે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો આંક–૧૧ થી લેખીત જવાબ આપવામાં આવેલ જેમાં એવી તકરાર લીધેલ છે કે, વાદીની દાવા તથા મનાઈ હુકમની અરજી ખરી નથી અને તેની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ વાદીના દાવા તથા મનાઈ અરજીને સ્પષ્ટપણે મુદતનો બાદ નડે છે તેમજ વાદીનો દાવો ફોર ધી વોન્ટ ઓફ કોઝ ઓફ એકશન રદ થવાને પાત્ર છે તેવા સંજોગોમાં વાદીની મનાઈ અરજી પણ કાયદા મુજબ ટેનેબલ થતી ન હોય રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. આ કામે વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટી પક્ષકારોની ખામીનો બાદ નડે છે અને વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો કોર્ટ ફી અભાવને કારણે પણ રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો કાયમી મનાઈ હુકમ અંગેનો હોય વાદીનો દાવો કાયદા મુજબ આગળ ચાલવાને પાત્ર નથી અને કાયદા મુજબ મેઈન્ટેનેબલ નથી તેવા સંજોગોમાં વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

૪) વાદી તરફે વિ.વ.શ્રી.પી.કે.મહેતાએ દલીલમાં જણાવેલ છે કે, આ કામે વાદીએ હાલની આ અરજી સી.પ્રો.કો.ઓ.૩૯ રુલ–૧–૨ તથા કલમ–૧૫૧ અન્વયે કરી વાદીની માલીકી કબજા ભોગવટાની દુધરેજ સીમના સર્વે નંબર. ૭૧૦/૨ પૈકી ૧ એકર ૦.૧૩ ગુંઠા જેના ચો.મી.૧૩૧૫ આવેલ છે તેમાં પ્રતિવાદીએ ગેરકાયદેસર વાદીની ખેતરમાં ખુંટા મારેલ છે પ્રતિવાદીના પતિ જમીન લે વેચનો ધંધો કરે છે અને ને વાદીની જમીન પચાવી પાડવી છે. જેથી તે દુર કરાવવા અને પ્રતિવાદી કે તેમના માણસો મારફત દાવાવાળા ખેતરમાં પ્રવેશ કરે કરાવે નહીં કે ખુંટાવાળી જગ્યા વેચવાની તજવીજ કરી રહેલ છે અને તેમને તેમ કરતા અટકાવવામાં ન આવે તો વાદીનો દાવો કરવાનો હેતુ નિષ્ફળ જાય અને ન્યાયનો હેતુ જળવાય નહીં આમ મનાઈ હુકમના ત્રણેય તત્વો વાદીની તરફેણમાં હોય માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવા દલીલ કરેલ છે.

૫) પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી.કે.કે.રામાનુજે દલીલમાં જણાવેલ છે કે, વાદીના વાદગ્રસ્ત ખેતર ઉપર પ્રતિવાદીએ ખુંટા મારીને કબજો કરેલાનું માની શકાય તેમ નથી. વાદીની દાવા તથા મનાઈ હુકમની અરજી ની હકીકતોનો ઈન્કાર કરે છે. તેમજ વાદીના દાવા તથા મનાઈ અરજીને સ્પષ્ટપણે મુદતનો બાદ નડે છે તેમજ વાદીનો દાવો ફોર ધી વોન્ટ ઓફ કોઝ ઓફ એકશન રદ થવાને પાત્ર છે તેવા સંજોગોમાં વાદીની મનાઈ અરજી પણ કાયદા મુજબ ટેનેબલ થતી ન રદ થવાને પાત્ર છે. આ કામે વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટી પક્ષકારોની ખામીનો બાદ નડે છે અને વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો કોર્ટ ફી અભાવને કારણે પણ રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો કાયમી મનાઈ હુકમ અંગેનો હોય વાદીનો દાવો કાયદા મુજબ આગળ ચાલવાને પાત્ર નથી અને કાયદા મુજબ મેઈન્ટેનેબલ નથી આમ વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ બનતો નથી અને ન્યાયની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી અને મનાઈ અરજીમાં વાદીએ ખરી હકીકતો છુપાવેલ હોય વાદીને કોઈ નુકશાન જાય તેમ નથી. જયારે મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીના કીંમતી હકક અને અધિકારોને નુકશાન થાય તેમ છે. જેથી વાદીની મનાઈ હુકમની અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

પ્રતિવાદી વકીલશ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

૧) ૨૦૧૧ એસએઆર (સિવિલ–૧૯૩) હરીરામ વિ.જયોતિપ્રસાદ અને બીજા

૬) આ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના **મુદા** ઉપસ્થિત થાય છે ?

૧) શું વાદી પુરવાર કરે છે કે, હંગામી મનાઈ હુકમ મેળવવા વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨) શું વાદી પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

૩) શું વાદી પુરવાર કરે છે કે, જો માંગ્યા મુજબ વચગાળાનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

૪) શું હુકમ ?

૭) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા **નિર્ણય** નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) નકારમાં

૩) નકારમાં

૪) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

૮) **મુદા નં.૧ થી ૩ :**

આ કામે મુદા નં.૧ થી ૩ પરસ્પર એકસાથે સંકળાયેલ હોય અને એકસાથે ચર્ચા કરવામાં આવે તો ચર્ચામાં સરળતા રહે તેમજ હકીકતો અને પુરાવાનું પુનરાવર્તન ટાળી શકાય તેમ હોઈ મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

૯) વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વાદીના ખેતરમાં દાવા અરજીમા પેરા–૩ માં જણાવ્યા પ્રમાણે વાદીની જમીનમાં ખુંટા મારેલ છે તે દુર કરવા દાવાવાળા ખેતરમાં પ્રતિવાદી કે તેમના માણસો ,નોકરો, મારફત પ્રવેશ કરે કરાવે નહી તેમજ ખુંટાવાળી જગ્યા વેચાણ ગીરો કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ માગવાનો દાવો કરેલ છે.

૧૦) હાલના તબકકે વાદીની આંક–૫ ની દાદ વંચાણે લઈએ તો દાવા અરજી પેરા–૩ મા જણાવેલ જમીન ઉપરથી ખુંટા દુર કરે તેવો મેન્ડેટરી કામચલાઉ મનાઈ હુકમ આપવા તેમજ અમારા ખેતરના કોઈ ભાગમાં પ્રતિવાદી કે તેમના માણસો દાખલ થાય નહી તથા ખુંટાવાળી જગ્યા વેચાણ, ગીરો, કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે.

૧૧) આમ પેરા–૯ અને ૧૦ ની દાદ ધ્યાને લઈએ તો પ્રતિવાદીએ પેરા–૧૦ મા પેરા–૯ મા જણાવ્યા મુજબની દાદ માગેલ છે એટલે કે પ્રતિવાદીએ આંક–૫ એટલે કે કામચલાઉ મનાઈ હુકમના તબકકે દાવાનુ આખરી નિરાકરણ થાય તેવી દાદ માગેલ છે. જે ના.હાઈકોર્ટ તેમજ સુપીમ કોર્ટે તેમા પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ આપી શકાય નહી તેવુ મારુ નમ્ર પણે માનવુ છે.

૧૨) હવે આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તથા પક્ષ નિવેદનો ધ્યાને લઈએ તો વાદીએ માર્ક ૪/૧ થી ૪/૬ ના રેવન્યુ રેકર્ડ એટલે કે, વાદીના નામનો– ૭/૧૨, ૮–અ, હકક પત્રક નંબર–૬ ની વારસાઈ નોંધ તેમજ ડીએલઆરઆઈ કચેરીમાંથી મેળવેલ માપણી શીટ રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજો વંચાણે લેતા વાદીનુ નામ જણાવેલ છે તે હકીકત છે. પરંતુ, સદર તમામ દસ્તાવેજો ધ્યાને લેતા તેમા વાદીએ જણાવ્યા મુજબ પ્રતિવાદીએ ખુંટા વાદીની જમીનમાં મારેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

૧૩) આ કામે આંક–૧૧ ના જવાબ સાથે પ્રતિવાદીએ માર્ક ૧૫/૧ થી ૧૫/૫ ના દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં ૭/૧૨, ૮–અ, લે આઉટ પ્લાન, પ્રતિવાદી જોગનો દસ્તાવેજ અને જીલ્લા પંચાયત

કચેરીનો બીન ખેતીનો હુકમ રજુ કરેલ છે જે ધ્યાને લેતા સર્વે નંબર ૭૧૦/૨ ના પ્લોટ ૧ થી ૭ પ્રતિવાદી મનીષાબેનના નામે હોવાનુ અને રેવન્યુ સર્વે નબર ૭૧૦/૨ ની જમીન એકર–૦ –૧૯ ગુંઠા રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ હોવાનુ અને પ્રતિવાદી મનીષાબેને આ જમીન જયશ્રીબેનને વેચેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે જે સાથે કલેકટરશ્રી ,સુરેન્દનગરનાએ તાઃ ૧૬/૧૨/૬૯ ના રોજ આ જમીન બીન ખેતી કરેલ હોવા અંગેનો હુકમ રજુ થયેલ છે.

૧૪) આમ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા તેમજ રેકર્ડ વંચાણે લેતા વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લેતા વાદી સર્વે નબર–૭૦૨/૧૦ પૈકી ૧ ની જમીન હે.૦આર.એ.૧૩. ચો.મી. ૧૫ ના માલીક અને કબજેદાર હોવાનુ રેકર્ડ ઉપર છે જયારે પ્રતિવાદી સર્વે નંબર ૭૧૦/૨ પૈકી ની જમીન એ.૦–૧૯ ગુંઠા ના માલીક અને કબજેદાર હોવાનું રેકડ ઉપરથી જણાઈ આવે છે.

૧૫) આ કામે વાદી પ્રતિવાદી તેઓની જમીનમાં ખુંટા નાખતા હોવાનુ જણાવી અને પ્રતિવાદી આ જમીન અન્યને વેચાણ આપવા તજવીજ કરી રહેલ હોવાનુ જણાવી હાલની મનાઈ હુકમની અરજી લાવેલ છે. પ્રતિવાદીએ તેમની હાલની અરજીના સમર્થનમાં એવો કોઈ મજબુત પુરાવો રજુ કરેલ નથી કે જેથી એવુ માની શકાય કે હાલના પ્રતિવાદી વાદીની માલીકીની જગ્યામાં ખુંટા લગાવી રહેલ છે અને વાદીની જગ્યાનું વેચાણ કરી રહેલ છે તેથી વિરુધ્ધ પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લેતા માર્ક ૧૫/૪ નો દસ્તાવેજ વંચાણે લેતા તા. ૭/૨/૦૬ ના રોજ પ્રતિવાદીએ સર્વે નબર ૭૧૦/૨ પૈકીના પ્લોટ ન.૧ થી ૭ વાળી જમીન જયશ્રીબેન ઘરમશીભાઈ સંઘવીને વેચાણ આપેલ છે.

૧૬) જયારે કોઈ વ્યકિત કોર્ટ સમક્ષ વચગાળાના તબકકે મનાઈ હુકમની માંગણી કરતા હોય તે વખતે તેવી મનાઈ હુકમની માગણી કરનાર વ્યકિતએ મે ઉપરોકત પેરા–૬ માં જણાવ્યા મુજબના મુદા પુરવાર કરવા જોઈએ. હાલના કીસ્સામા રજુ થયેલ રેકર્ડ વચાણે લેતા વાદી અને પ્રતિવાદીના કબજે અલગ અલગ સર્વે નંબરની જમીનો હોવાન રેકર્ડ ઉપર થી જણાઈ આવે છે. વધુમાં આ કામે સર્વે ૭૧૦/૨ પૈકી પ્લોટ ન ૧ થી ૭ વાળી જમીન પ્રતિવાદીએ જયશ્રીબેન ધરમશીભાઈ સંઘવીને સને ૨૦૦૬ ની સાલમાં વેચાણ આપી દીધેલ છે એટલે કે સદર જમીનનો કબજો ભોગવટો અને માલીકી આ જયશ્રીબેન ધરમશીભાઈ સંઘવીનો સને ૨૦૦૬ ની સાલથી છે તેમછતા તેઓને આ કામે વાદીએ પક્ષકાર તરીકે જોડેલ નથી. આ કામે વાદીના જણાવ્યા મુજબ જો એક તબકકે એમ માની પણ લઈએ કે વાદીએ જણાવ્યા મુજબ પ્રતિવાદી તેઓની કબજા ભોગવટા માલીકીની જમીનમા ખુંટા મારી રહેલ છે તો તે બાબત કોર્ટના રેકર્ડ ઉપર લાવવા માટે વાદીએ કોર્ટ કમીશ્નર મારફત વાદગ્રસ્ત જગ્યાનું પંચનામુ કરીને કે અન્ય કોઈપણ રીતે દસ્તાવેજી પુરાવાના આધારે આ બાબત રેકર્ડ પર લાવવી જોઈએ. હાલના કીસ્સામાં વાદી તરફે રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેના આધારે વાદગ્રસ્ત જગ્યા વાદીના કબજા ભોગવટામાં હોવાનુ ચોકકસ માની શકાય પરતુ તેના

રેગ્યુ. દાવા નંબરઃ ૫૧/૨૦૧૭ ના કામે આંક–૫ તળે હુકમ

આધારે પ્રતિવાદી વાદીની કબજા ભોગવટાની જગ્યામાં ખુંટા લગાવી રહેલ હોવાનુ રેકર્ડ પર હોવાનુ કહી શકાય નહી. વધુમા વાદી તરફે પ્રતિવાદી વાદગસ્ત જગ્યાનુ કોઈને વેચાણ કે વાદગસ્ત જગ્યા કોઈપણ રીતે કોઈને તબદીલ કરે નહી તેવી દાદ માગેલ છે જયારે પ્રતિવાદી તરફે રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા પ્રતિવાદીએ સને ૨૦૦૬ ની સાલમા તેમની માલીકી તથા કબજો ભોગવટાની જગ્યા જયશ્રીબેન ઘરમશીભાઈ સંઘવીને વેચાણ આપી દીધેલ છે. આમ આ તમામ બાબત ધ્યાને લેતા વાદી તેનો પ્ર થમ દર્શનીય કેસ હોવાનુ કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમા હોવાનુ સાબીત કરી શકતા ન હોવાનુ મારુ નમ્રપણે માનવુ છે. વધુમા વાદીએ આ કામે જયશ્રીબેન ઘરમશીભાઈ સંઘવીને પક્ષકાર તરીકે જોડેલ નથી. આ કામે પ્રતિવાદી તરફે જવાબ આંક–૧૧ થી તા.૨૧/૧૧/૧૭ ના રોજ રજુ કરેલ છે અને તારીખ . ૨૨/૧/૧૮ ના રોજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે ત્યારબાદ સદર જયશ્રીબેન ઘરમશીભાઈ સંઘવીને પક્ષકાર તરીકે જોડવાની કોઈ કાર્યવાહી કરવામા આવેલ નથી. આ સંજોગોમા વાદીએ માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામા આવે તો તેના કારણે વાદી કે પ્રતિવાદી કરતા મીલ્કત હાલ જે જયશ્રીબેન ઘરમશીભાઈ સંઘવીના નામે છે તેઓને વધુ નુકશાન થાય તેમ છે. જે હકીકત ધ્યાને લેતા વાદી તેઓને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થાય તેમ છે તેવુ રેકર્ડ પર લાવી શકતા હોવાનુ માની શકાય તેમ નથી. તે સંજોગોમાં જો પ્રતિવાદી વાદગ્રસ્ત મીલ્કત અન્ય કોઈને વેચાણ, ટ્રાન્સફર કે હસ્તાંતર કરે તો તેના કારણે વાદીના હકકોને પણ અસર થાય તેમ છે તે રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં હોવાનું પણ પ્રાથમીક રીતે માની શકાય તેમ નથી. તે સંજોગોમાં હું મુદા નં–૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં–૪ નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુ ક મ //**

૧) વાદીની મનાઈ હુકમ મેળવવાની આંક–૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે હાલના તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આજરોજ તા.૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫ /૧/૨૦૧૮.
સુ રે ન્દ્ર ન ગ ર.

(કે.આર.પંડયા.)
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ
સુ રે ન્દ્ર ન ગ ર.
કોડ નંબર : જીજે ૦૭૩૯